| | | |
|---|---|---|
| અરજી આવ્યા તા | : | ૦૬–૦૩–૨૦૨૬ |
| અરજી દાખલ તા | : | ૦૬–૦૩–૨૦૨૬ |
| અરજી નિકાલ તા | : | ૨૩–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૦ – ૦૦ – ૧૭ |

**<u>નવસારી જિલ્લાનાં મ્હે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

**ફોજદારી પરચુરણ જામીન અરજી નં.૨૬૯/૨૦૨૬**
(સીઆઈડી સાયબર પો.સ્ટે. પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૧/૨૦૨૬)

**આંક – ૦૮**

**<u>અરજદાર:</u> :–** **અર્જુનસિંહ મોહનસિંહ સોલંકી**
ઉ.આ.વ.૪૫, ધંધો– મજુરી
રહે–૮૭, કૃષ્ણનગર સોસાયટી, જુના કોસા રોડ,
અમરોલી, સુરત

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામાવાળા</u>:–** **નામદાર સરકાર**

**અરજ** :– <u>બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે...</u>

---

અરજદાર તરફે વિ.વ. શ્રી વી.આર.મિશ્રા
સામાવાળા તરફે વિ. સરકારી વકીલ.શ્રી ટી.સી.સુળે

---

**–:: <u>ચુ કા દો</u> ::–**

**૧.** અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

**૨.** અરજદાર/આરોપીએ સીઆઈડી સાયબર પો.સ્ટે. પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૦ ૧૦૧૮૨૬૦૦૧૧/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩(૫),૬૧(૨), ૧૨૭(૪),૧૪૩(૩)૧૪૪,૧૪૫,૧૪૬ તથા આઈ.ટી.એકટ ૬૬(ડી)મુજબનો ગુનો નોંધાયેલ અને સદરહુ ગુનાના કામે અરજદાર/આરોપીની અટક કરવામાં આવેલ છે, અને હાલ તેઓ ન્યાયિક હિરાસતમાં હોઈ, જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજ કરેલ છે.

**૩.** સદર અરજી રજૂ થતાં સરકારશ્રીને નોટિસ પાઠવવામાં આવેલી, જેના અનુસંધાને સામાવાળા તરફે વિ. સરકારી વકિલશ્રી ટી.સી.સુળે હાજર થયેલ છે અને આંક–૦૪ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરેલ છે.

**૪.** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વી.આર.મિશ્રાએ હાજર થઈ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે હાલના ગુનાના કામે તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. તેઓએ સદર ગુનામાં કોઈ ભુમિકા ભજવેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર ગુનાની ફરીયાદ જોવામાં આવે તો તેમાં પણ અરજદાર/આરોપીનું નામ નથી કે ફરીયાદીએ સદર ગુનામાં શું ભુમિકા ભજવેલી છે તે અંગે કોઈ ઉલ્લેખ નથી. અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/ આરોપીને તા.૦૯/૦૨/૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી જયુડિશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીનાં શીરે કુટુંબની જવાબદારી હોઈ, તેઓ કશે નાસી ભાગી જાય તેમ નથી. હાલમાં નામદાર કોર્ટોમાં કેસોનું ભારણ જોતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થવામાં ઘણો લાંબો સમય જાય તેમ છે તેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામેના કાયમી રહેવાસી છે નાસી ભાગી જશે નહી કે ફરિયાદ પક્ષનાં સાક્ષીઓને ટેમ્પર

કરશે નહી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**૫.** સામાવાળા તરફે વિ. સરકારી વકિલશ્રી ટી.સી.સુળેનાઓએ હાજર થઈ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ એજન્ટ તરીકે શરૂઆતમાં સાહેદો કૃણાલ માંગરોલા, જીગ્નેશ ઠાકુર અને બાદમાં સાહેદો મહેશ પાટીલ, ભૌમિક પટેલ, પ્રતિક ડોડીયાને કંબોડીયા ખાતે ડેટા એન્ટ્રીની નોકરીની લાલચ આપી તેઓના પાસપોર્ટની વિગતો સહ આરોપી એજન્ટ અખીલ ઉર્ફે ગૌરવ ગુલાટીને મોકલી આપી સહ આરોપી વિવેક સ/ઓ સુબેસિંગ યાદવ સાથે મળી કંબોડીયા જવાની અને રીર્ટન ટીકીટ બુકીંગ કરી ડમી હોટલ બુકિંગ સાહેદોને મોકલી આપી તેમજ સહ આરોપી વિવેક યાદવનાએ Mr.india(@Ramayan05) વાળી ટેલિગ્રામ આઈ.ડી.મારફતે સાહેદોનો સંપર્ક કરી કોઈપણ રીતે એરપોર્ટ પર બોડીંગ અને ચેકિંગ કલીયર કરાવી અરજદાર/આરોપીએ પોતાનું કમીશન USDT માં સહ આરોપી અખીલ ઉર્ફે ગૌરવ ગુલાટી પાસેથી મેળવી લઈ પોતાના આર્થિક ફાયદા સારુ કંબોડીયામાં ડેટા એન્ટ્રીની જોબના બહાને મોકલી આપી સાયબર સ્લેવરીનો ભોગ બનાવી હાલનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે.વધુમાં હાલનાં ગુનાની તપાસ હજી ચાલુ છે અને આરોપીઓ વિરૂધ્ધ વધુ પુરાવા મેળવવા સારૂ તજવીજ ચાલુ હોય જો અરજદાર/આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો તે ગુનાને લગતા પુરાવા નાશ કરે કે સગેવગે કરે તેવી પુરી શકયતાઓ રહેલી છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલ સમયે નામદાર કોર્ટમાં હાજર રહેશે નહી અને ફરીથી આ પ્રકારનો ગુનો આચરે તેવી પુરેપુરી શકયતા રહેલી છે અને ફરિયાદ પક્ષનાં પંચો તથા સાહેદોને ધાક ધમકી, લોભ–લાલચ આપી પુરાવાને નુકશાન પહોંચાડે તેવી શકયતા રહેલી હોઈ સદરહુ હકીકતને ધ્યાનમાં લઈ જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૬. બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી, તપાસ કરનાર અધિકારી તરફે રજુ સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષનાં કેસ મુજબ અરજદાર/આરોપીએ એજન્ટ તરીકે શરૂઆતમાં સાહેદો કૃણાલ માંગરોલા, જીગ્નેશ ઠાકુર અને બાદમાં સાહેદો મહેશ પાટીલ, ભૌમિક પટેલ, પ્રતિક ડોડીયાને કંબોડીયા ખાતે ડેટા એન્ટ્રીની નોકરીની લાલચ આપી તેઓના પાસપોર્ટની વિગતો સહ આરોપી એજન્ટ અખીલ ઉર્ફે ગૌરવ ગુલાટીને મોકલી આપી સહ આરોપી વિવેક સ/ઓ સુબેસિંગ યાદવ સાથે મળી કંબોડીયા જવાની અને રીર્ટન ટીકીટ બુકીંગ કરી ડમી હોટલ બુકિંગ સાહેદોને મોકલી આપી તેમજ સહ આરોપી વિવેક યાદવનાએ Mr.india(@Ramayan05) વાળી ટેલિગ્રામ આઈ.ડી.મારફતે સાહેદોનો સંપર્ક કરી કોઈપણ રીતે એરપોર્ટ પર બોડીંગ અને ચેકિંગ કલીયર કરાવી અરજદાર/ આરોપીએ પોતાનું કમીશન USDT માં સહ આરોપી અખીલ ઉર્ફે ગૌરવ ગુલાટી પાસેથી મેળવી લઈ પોતાના આર્થિક ફાયદા સારુ કંબોડીયામાં ડેટા એન્ટ્રીની જોબના બહાને મોકલી આપી સાયબર સ્લેવરીનો ભોગ બનાવી હાલનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો અત્યંત ગંભીર પ્રકારનો છે.અરજદાર/આરોપીએ પણ સદર ગુનામાં મહત્વની ભુમિકા ભજવેલ હોય તેવુ રજુ પેપર્સ પરથી જણાય આવે છે. સદર ગુનાની તપાસ હજી ચાલુ છે. આ તબકકે અરજી મંજુર કરવાથી તપાસ પ્રભાવિત થાય તેમ છે અને પુરાવા સાથે ચેડા થાય તેમ છે. વધુમાં સહઆરોપીની રે.જામીન અરજી નં. ૨૫૫/૨૦૨૬ ની અત્રેની કોર્ટ દ્વારા ગુણદોષ પર અગાઉ ના મંજુર કરવામાં આવેલ છે. આમ, તમામ બાબતો ધ્યાને લેતાં ઉદાર વલણ રાખી અરજદાર/ આરોપીને જામીન મુકત કરવાનું યોગ્ય જણાતું નથી તેમ કરવાથી સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે. આમ, સદર કામે અરજદાર/આરોપીને હાલનાં તબકકે જામીન ઉપર મુકત કરવા માટે અત્રેની અદાલતને મળેલ વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ અરજદાર/ આરોપીની તરફેણમાં કરવાનું ઉચિત જણાતું ન હોઈ ન્યાયના

**હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**–:: <u>હુ ક મ</u> ::–**

અરજદાર/આરોપી–**અર્જુનસિંહ મોહનસિંહ સોલંકી**ની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નં.૨૬૯/૨૦૨૬ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૩મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩.૦૩.૨૦૨૬.
સ્થળ : નવસારી.

**( ચિન્મય. જી. મહેતા)**
એડીશનલ સેશન્સ જજ, નવસારી.
(કોડ નં–જીજે ૦૦૫૩૪)